Draft

વેચાણ દસ્તાવેજ

ડીસ્ટ્રીકટ વડોદરા, સબ ડીસ્ટ્રીકટ વડોદરા ના મોજે ગામ સેવાસી, તા.જી. વડોદરાના રે.સ. નં. ૨૬૬/૨ તથા બ્લોક નં-૨૩૯ વાળી જમીન ૧૨૧૪ ચો.મીટર છે જેનો સમાવેશ ટી.પી. સ્કિમ નં. ૨ માં થતા ફાઈનલ પ્લોટ નં. ૫૫ ફાળવવામાં આવેલ જેનું ફાઈનલ પ્લોટ મુજબ ક્ષેત્રફળ ૮૫૦ ચો.મી. છે તે જમીનમાં પુર્વ ગોલ્ડ નામની રહેણાક યોજનાનું આયોજન કરેલ છે તે પૈકી ફલેટ/દુકાન .... નો વેચાણ દસ્તાવેજ રૂા. ..../- પુરાનો

આજ રોજ તા.................. ને .... વાર ના રોજ વડોદરા મુકામે આ વેચાણ દસ્તાવેજ <u>લખી લેનાર અમો : એક તરફવાળા (એલોટી):</u>

Name :

Pan Card No. :

Aged :

Residing at :

જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં લખી લેનાર એક તરફવાળા તરીકે સંબોધવામાં ઓળખવામાં આવશે, જે શબ્દના અર્થમાં એક તરફવાળા પોતે જાતે તથા તેઓના વંશ, વાલી, વારસો, એસાઈનીઓ, એકઝીકયુટર્સ, એડમીનીસ્ટ્રેટરો, ઈત્યાદી તમામનો સમાવેશ થશે.

<u>જોગ સદર વેચાણ દસ્તાવેજ લખી આપનાર બીજી તરફવાળા જમીન માલિક (પ્રયોજક):</u>

.... Pan No. .... સરનામું .... એ નામની ભાગીદારી પેઢીના વહીવટકર્તા ભાગીદાર .... ઉ.વ. પુખ્ત, ધંધો વેપાર, રહે. વડોદરા.

જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં લખી આપનાર બીજી તરફવાળા જમીન માલીક તરીકે સંબોધવામાં ઓળખવામાં આવશે, જે શબ્દના અર્થમાં લખી આપનાર બીજી તરફવાળી ભાગીદારી પેઢીના હાલના તથા વખતો વખતના છેલ્લા હયાત ભાગીદાર પોતે જાતે તથા તેઓના વંશ, વાલી, વારસો, એસાઈનીઓ, એકઝીકયુટર્સ, એડમીનીસ્ટ્રેટરો, ઈત્યાદી તમામનો સમાવેશ થશે.

....	....
એક તરફવાળા / લખાવી લેનાર	બીજી તરફવાળા / લખી આપનાર

જોગ સદર વેચાણ દસ્તાવેજ લખી આપનાર અમો બીજી તરફવાળા જમીન માલીક તમો સદર વેચાણ દસ્તાવેજ લખી લેનાર એક તરફવાળાને અમારી રાજીખુશીથી લખી આપીએ છીએ કે :-

અમો સદર વેચાણ દસ્તાવેજ લખી આપનાર બીજી તરફવાળા જમીન માલીક વલ્લભ ડેવલોપર્સ નામની ભાગીદારી પેઢીની માલિકીની બિનખેતી થયેલ જમીન રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ વડોદરા, સબ ડીસ્ટ્રીકટ વડોદરા ના મોજે ગામ સેવાસી, તા.જી. વડોદરાના રે.સ. નં. ૨૬૬/૨ તથા બ્લોક નં.૨૩૯ વાળી જમીન ૧૨૧૪ ચો.મીટર છે જેનો સમાવેશ ટી.પી. સ્કિમ નં. ૨ માં થતા ફાઈનલ પ્લોટ નં. ૫૫ ફાળવવામાં આવેલ છે.જેનું ફાઈનલ પ્લોટ મુજબ ક્ષેત્રફળ ૮૫૦ ચો.મી. જમીન છે તે મિલકત અમો વેચાણ દસ્તાવેજ લખી આપનાર વલ્લભ ડેવલોપર્સ પેઢી એટલે કે બીજી તરફવાળાએ તારીખ : ૦૩/૦૯/૧૫ ના રોજ રજી. વેચાણ દસ્તાવેજ નંબર : ૭૮૨૩ થી માલીકી હકકે વેચાણ **વિપુલ કુમાર છગનભાઈ ભલાણી** વિગેરેનાઓ પાસેથી લીધેલ છે તે વેચાણ લેખના આધારે રેવન્યુ રેકાર્ડ માં અમો બીજી તરફવાળી ભાગીદારી પેઢી ના સ્વતંત્ર નામે ચાલે છે. અને સદર જમીનનો કબજો ભોગવટો અમો લખી આપનારાઓનો છે.

૧. સદર જમીનના નકશા વડોદરા શહેરી વિકાસ સતામંડળે ફાયનલ પ્લોટ નંબર : ૫૫ ના નકશા તારીખ : ૨૯/૦૫/૨૦૧૫ ના રોજ રજાચીઠ્ઠી નં. યુડીએ/પ્લાન-૧/પરવાનગી/૬૫/૨૦૧૫ થી મેળવેલ છે. તે પરવાનગી જણાવ્યા મુજબ લો રાઈઝડ ટાવરમાં વાણીજય હેતુ માટે કુલ ૨૮ દુકાનો તથા રહેણાંક હેતુના ૨૧ ફલેટોના બાંધકામની પરવાનગી આપેલ છે. તે પરવાનગીમાં જણાવ્યા મુજબ સદરહું જમીનમાં જે યોજના બનાવવાનું આયોજન કરેલુ છે તે યોજનાનું નામ પૂર્વ ગોલ્ડ રાખવામાં આવેલું છે. તે યોજનાના .... ફલોર ઉપર આવેલ .... નં. .... જેનુ બાંધકામનુ ક્ષેત્રફળ .... ચો.મી. છે તથા મીલકતને લાગુ પડતી વણ વહેંચાયેલી વરાડે પડતી જમીન .... ચો.મી. છે તે મીલકત અમોએ તમોને .... રૂા. પુરામાં વેચાણ દસ્તાવેજથી આપવા નકકી કરેલ છે. જેનું મીલકતના વર્ણનમાં કરેલ છે.

૧. અમો બીજી તરફવાળા ભાગીદારી પેઢીની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની મીલકત જે રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ વડોદરા, સબ ડીસ્ટ્રીકટ વડોદરા ના મોજે સેવાસી, તા.જી. વડોદરાના રે.સ. નં. ૨૬૬/૨ તથા બ્લોક નં.૨૩૯ વાળી જમીન ૧૨૧૪ ચો.મીટર વાળી જમીનનો બીનખેતી ઉપયોગ કરવાની પરવાનગી કલેકટરશ્રી વડોદરાનાએ તેમના હુકમ ક્રમાંક : એન.એ./એસ.આર/૮૧૪/૨૦૧૪-૨૦૧૫, નં જમીન-ડી/કલમ૬૫/વશી/૪૯૮થી૫૦૬/૨૦૧૫,તા.૨૮/૦૧/૨૦૧૫ થી પરવાનગી આપેલ છે.

....

એક તરફવાળા / લખાવી લેનાર બીજી તરફવાળા / લખી આપનાર

૨. સદર જમીનના નકશા વડોદરા શહેરી વિકાસ સતામંડળે ફાયનલ પ્લોટ નંબર : ૫૫ ના નકશા તારીખ : ૨૯/૦૫/૨૦૧૫ ના રોજ રજાચીઠ્ઠી નં. યુડીએ/પ્લાન-૧/પરવાનગી/૬૫/૨૦૧૫ થી મેળવેલ છે. તે પરવાનગી જણાવ્યા મુજબ લો રાઈઝડ ટાવરમાં વાણીજય હેતુ માટે કુલ ૨૮ દુકાનો તથા રહેણાંક હેતુના ૨૧ ફ્લેટોના બાંધકામની પરવાનગી આપેલ છે. તે પરવાનગીમાં જણાવ્યા મુજબ સદરહું જમીનમાં જે યોજના બનાવવાનું આયોજન કરેલુ છે તે યોજનાનું નામ પૂર્વ ગોલ્ડ રાખવામાં આવેલું છે. તે યોજનાના .... ફ્લોર ઉપર આવેલ .... નં. .... જેનુ બાંધકામનુ ક્ષેત્રફળ .... ચો.મી. છે તથા મીલકતને લાગુ પડતી વણ વહેંચાયેલી વરાડે પડતી જમીન .... ચો.મી. છે તે મીલકત અમોએ

તમોને .... રૂા. પુરામાં વેચાણ દસ્તાવેજથી આપવા નકકી કરેલ છે. જેનું મીલકતના વર્ણનમાં કરેલ છે.

-:વેચાણ અવેજ મળ્યાની વિગત:-

રકમ	ચેક નં.	તારીખ	બેંકનું નામ
કુલ રૂપીયા.................		અંકે રૂપીયા........................પુરા	

<u>વેચાણ આપેલ મિલકતનું વર્ણન: પરિશિષ્ટ નં.૧</u>

ડીસ્ટ્રીકટ વડોદરા, સબ ડીસ્ટ્રીકટ વડોદરા ના મોજે ગામ સેવાસી, તા.જી. વડોદરાના રે.સ. નં. ૨૬૬/૨ તથા બ્લોક નં.૨૩૯ વાળી જમીન ૧૨૧૪ ચો.મીટર છે જેનો સમાવેશ ટી.પી. સ્કિમ નં. ૨ માં થતા ફાઈનલ પ્લોટ નં. ૫૫ ફાળવવામાં આવેલ છે. જેનું ફાઈનલ પ્લોટ મુજબ ક્ષેત્રફળ ૮૫૦ ચો.મી. છે તેમાં વડોદરા શહેરી સતા મંડળે મંજુર કરેલા લે-આઉટ પ્લાન મુજબ જમીનમાં પુર્વ ગોલ્ડ નામની રહેણાક યોજનાનું આયોજન કરેલ છે તે પૈકી ....ફ્લોર પર આવેલ ફ્લેટ/દુકાન નં .... વાળી મીલકત જેનું બાંધકામનું ક્ષેત્રફળ .... તથા તેને વરાડે પડતી વણવહેંચાયલી જમીનનું ક્ષેત્રફળ .... ચો.મી. તે મિલકત સદર વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ છે. જેની ચતુ:સીમા નીચે મુજબ છે.

....

એક તરફવાળા / લખાવી લેનાર **બીજી તરફવાળા / લખી આપનાર**

પૂર્વમાં :
પશ્ચિમમાં :
ઉત્તરમાં :
દક્ષિણમાં :

ઉપરના વર્ણનવાળી મીલકત તથા તેને લાગતા વળગતા તમામ પ્રકારના હકકો સાથેની તેમાં જવા આવવાના રસ્તાના તથા પાણીના નિકાલના સર્વે પ્રકારના હકકો સાથેની મિલકત તમો એક તરફવાળાને અમો લખી આપનાર બીજી તરફવાળાએ પુરેપુરો વેચાણ અવેજ સ્વીકારી યાવતચંદ્ર, દિવાકરો કુલ અભરામના દાવે અઘાટ વેચાણ આપેલ છે. સદર મિલકતના તમો એક તરફવાળા તથા તમારા વંશ, વાલી, વારસો, સર્વે સ્વતંત્ર માલિક થયા છો અને માલિકી હકકે તેનો વાપર, ઉપયોગ કરવા, બાંધકામ કરવા તથા તે ગીરો, વેચાણ, બક્ષિસ આપવા તેમજ તેની વહીવટ વ્યવસ્થા કરવા હકકદાર અને અધિકારી થયા છો હવે અમો બીજી તરફવાળા નો સદર મિલકત પરત્વે કોઈપણ પ્રકારનો ભાગ, લાગ, હકક, હીત, સંબંધ રહેલો નથી અને આ વેચાણ દસ્તાવેજના આધારે તમો એક તરફવાળા તમારા નામે તમામ સરકારી રેકર્ડમાં સદર મિલકત તબદીલ કરાવી શકશો તે અંગે જરૂરી સંમતિ અમો સદર વેચાણ દસ્તાવેજ લખી આપનાર કરી આપીશું.

સદરહું યોજનામાં દાદર, પેસેજ તથા પાર્કીંગ તેમજ કોમન સુવિધાઓનો સામુહીક વાપર ઉપયોગ, ઉપભોગ, કરવાનો રહેશે. સદર પૂર્વ ગોલ્ડ એ નામની યોજનાની જમીનમાં તમોને વેચાણ આપેલ મીલકતના ક્ષેત્રફળ મુજબ ફાળે આવતી જમીનનો હીસ્સો રહેશે.

સદર પુર્વ ગોલ્ડ એ નામની યોજનામાં જવા આવવાના રસ્તો, દાદર, કોમન પેસેજ,લીફ્ટ, ઉપર નીચેની પાણીની લાઈનો તથા કોમન ડ્રેનેજ લાઈન (ખાળકુવો) તથા કોમન લાઈટ ફીટીંગ તથા પાણીનો બોર, મોટર પંપ વિગેરે જે સુવિધાઓ કરવામાં આવે તેનો ઉપયોગ તમો એક તરફવાળાએ બીજા માલીકો સાથે સહીયારી રીતે કરવાનો રહેશે. સદર પુર્વ ગોલ્ડ એ નામની યોજનામાં આવેલ સુવિધાઓ ચાલુ રહે તેવી વ્યવસ્થા કરવા, જે કાંઈ સાફસુફીનો તથા મેન્ટેનન્સનો ખર્ચ થાય તથા જે કાંઈ સરકારી વેરા ભરપાઈ કરવાના આવે તે યોજનાના તમામ સભાસદોએ વરાડે પડતા ભોગવવાના છે અને રહેશે.

....	....
એક તરફવાળા / લખાવી લેનાર	**બીજી તરફવાળા / લખી આપનાર**

સદર પુર્વ ગોલ્ડ એ નામની યોજનાનું મેન્ટેનન્સ કરવા માટે તમામ સહ માલીકો અગર કોઈ મંડળ કે એસોસીએશન રચના કરે તો, તેમાં તમો એક તરફવાળા સહકાર આપવાનો છે અને તેના ફરજીયાત સભાસદ થવાનું રહેશે.

સદરહું મીલકતનોવેચાણ દસ્તાવેજની સ્ટેમ્પ નોંધણી ફી, લખાઈ ફી, વિગેરે તમામ ખર્ચ તમો લખી લેનારે ભોગવવાનો રહેશે.

સદર મીલકતનો વેચાણ દસ્તાવેજની તારીખથી તમામ પ્રકારના વેરા, કર, મહેસુલ, લાઈટ બીલ, ફ્લેટનો ભાગે પડતો કોમન ચાર્જીસ, રેવન્યુ રેકોર્ડ માં નામફેર કરવાનો ખર્ચ વિગેરે જે તે સમયે નિયત દરો મુજબ જે કાંઈ આવે તે તમો વેચાણ રાખનારે ભરવાના રહેશે.

ઉપરના વર્ણન વાળી મીલકત અમો બીજી તરફવાળાની સ્વતંત્ર માલીકી અને કબજા ભોગવટાની છે અને તેમાં અમો બીજી તરફવાળા સીવાય બીજા કોઈનો કોઈપણ જાતનો લાગ-ભાગ, હકક-હીત સંબંધ નથી. સદર મીલકતના ટાઈટલ ચોખ્ખા કલીયર અને માર્કેટેબલ છે તે વેચાણ આપવાનો અમોને પુરતો હકક અને અધિકાર છે તેવો પાકો ભરોસો આપીને સદર વેચાણ દસ્તાવેજ અમોએ લખી આપેલ છે.

સદરહું યોજનામાં જવા – આવવાના રસ્તાના તથા પાણીના નિકાલના સર્વે પ્રકારના હકકો સાથે જેવા કે ખાળકુવો, પાણીની લાઈનો(બોરવેલ), ઈલેકટ્રીક કનેકશન લીફ્ટ વિગેરે સર્વે પ્રકારના હકકો સાથેની મીલકત ઉપર લખેલા રૂપિયા તમારી પાસેથી લઈને તમોને યાવતચંદ્ર, દિવાકરો કુલ અભરામના દાવે અઘાટ વેચાણ આપેલ છે. સદર મિલકતના તમો તથા તમારા વંશ, વાલી, વારસો, સર્વે સ્વતંત્ર માલિક થયા છો અને માલિકી હકકે તેનો વાપર, ઉપયોગ કરવા , બાંધકામ કરવા તથા તે ગીરો, વેચાણ, બક્ષિસ આપવા તેમજ તેની વહીવટ વ્યવસ્થા કરવા હકકદાર અને અધિકારી થયા છો હવે અમો બીજી તરફવાળા નો સદર મિલકત પરત્વે કોઈપણ પ્રકારનો ભાગ, લાગ, હકક, હીત, સંબંધ રહેલો નથી.

આ દસ્તાવેજથી તમોને વેચાણ આપેલી મીલકત આ વેચાણ દસ્તાવેજના આધારે તમો તમારા નામ ઉપર રેવન્યુ રેકર્ડમાં, સીટી સર્વે કચેરીમાં, વડોદરા મહાનગર સેવા સદનના દફતરે, એમ.જી.વી.સી.એલમાં તેમજ લાગતી –

....	....
એક તરફવાળા / લખાવી લેનાર	**બીજી તરફવાળા / લખી આપનાર**

વળગતી તમામ સરકારી, અર્ધ સરકારી કચેરીઓમાં નામફેર કરાવી લેવાને હકકદાર અને અધિકારી થયા છો અને તેમાં અમો વેચાણ આપનારાઓની સહી- સંમતિ જે જે જોઈએ તે કરી આપવા બંધાયેલા છીએ.

સદર બિલ્ડીંગમાં આવેલ પાર્કીંગ અંગેની વ્યવસ્થા સભાસદોની સહીયારી રહેશે. ભવિષ્યમાં સદર બિલ્ડીંગ ધરતીકંપ કે કુદરતી હોનારતથી સદર બિલ્ડીંગ પડી જાય તો તેમાં તમારા ફલેટ/દુકાનના માપ પ્રમાણે તમારો હકક રહેશે પરંતુ નવુ બાંધકામ સરકારી તથા અર્ધ સરકારી પરવાનગી લઈને કરી શકશો, તેમજ ધરતી કંપથી થયેલ નુકશાન મુજબ કોઈપણ સભાસદ, કોઈપણ જાતનો કોર્ટમાં દાવો કરવાનો કે કરાવવાનો રહેશે નહી તેમ છતો કોઈ હકક - દાવો નુકશાન અંગે કરો તો તે આથી રદબાતલ ગણાશે.

સદર મીલકત આ અંગે સરકારી, અર્ધ – સરકારી વેરા, જમીન મહેસુલ અમો લખી આપનાર આજરોજ સુધીના ભર્યા છે તેમ છતા બાકી નીકળે તો તે ભરવાની જવાબદારી અમારી છે અને હવેથી વેચાણ દસ્તાવેજ કર્યા પછીની તારીખથી તમો વેચાણ રાખનારે ભરવાના છે અને રહેશે.

સદરહું યોજનાની જમીનની માલીકી અમારી પોતાની સ્વતંત્ર માલીકી અને કબજા ભોગવટાની છે તે જમીનમાં જે બાંધકામ થયેલ છે તે બાંધકામ બીજી તરફવાળાની માલીકીનું છે તથા સદરહું જમીનમાં અમારા સિવાય બીજા કોઈનો કોઈપણ જાતનો લાગ-ભાગ, હકક-હીત, સબંધ નથી તથા તે કોઈની જપ્તીમાં નથી તથા કોઈની જામીનગીરીમાં લખી આપી નથી આ મીલકત ઉપર કોઈનો કોઈપણ જાતનો ભરણ પોષણનો બોજો નથી તથા તે કોઈને ગીરો, વેચાણ, બક્ષીસ આપી નથી તથા કોઈએ વળતરમાં લીધી નથી તથા કોઈને બાનાખતથી કે બીજી કોઈપણ રીતે લખી આપી નથી તેવો પાકો વિશ્વાસ અને ભરોસો આપીને તમોને આ મીલકત વેચાણ આપી છે.

૧. તમો સદર વેચાણ દસ્તાવેજ લખી લેનાર એ સદરહું મીલકત જમીનના ટાઈટલ, બાંધકામ પરવાનગી તેમજ તમોને વેચાણ આપવા નકકી કરેલ મીલકતનો એરીયા જોઈ ચકાસી લીધેલ છે. કોઈપણ આકસ્મીક કે કુદરતી કારણોના લીધે વેચાણ આપેલ મિલકતને કોઈ નુકશાન થાય તો તેની જવાબદારી અમો સદર વેચાણ દસ્તાવેજ લખી આપનારની રહેશે નહી તેવી સ્પષ્ટ સમજુતી સાથે સદર વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે.
૨. સદર વેચાણ દસ્તાવેમાં પરિશિષ્ટવાળી મીલકત બીજી તરફવાળાએ કાયદાની જોગવાઈ હેઠળ Real Estate Regulatory Act. મા નોંધાવેલ છે જેનો (Rera Reg. no.)નંબર :............. છે.

....

એક તરફવાળા / લખાવી લેનાર **બીજી તરફવાળા / લખી આપનાર**

૩. સદર વેચાણ દસ્તાવેમાં પરિશિષ્ટવાળી મીલકત નો એક તરફવાળાને કબજો આપવામાં આવે છે જેના તમામ દસ્તાવેજ તથા સ્પેશીફીકેશન મુજબ થયેલ કામ ચકાસી, વર્કમેનશીપ ચકાસી, સમજી ને એક તરફવાળાએ કબજો સંભાળી લીધેલ છે.

૪. હાલમાં સરકારશ્રી / લોકલ ઓથોરીટી તરફથી ઉપલબ્ધ સુવીધાઓ આપેલ છે અને ભવિષ્યમાં અન્ય કોઈ પણ વધારાની સુવિધાઓ સરકારશ્રી કે લોકલ ઓથોરીટી તરફથી મળવાપાત્ર થાય તે સદર કરાર લખી લેનાર કે એક તરફવાળાએ પોતાના ખર્ચે ઉપલબ્ધ કરવાની રહેશે.

૫. સદર વેચાણ દસ્તાવેજમાં વકીલની ફી / એમ.જી.વી.સી.એલ. ડીપોઝીટ, તથા સદર સોસાયટીને બનાવવા તેના નિયમો, અધિનિયમો અને કન્વેયન્સ અથવા લોઝ બનાવના તમામ ખર્ચા એક તરફવાળાના ભોગવવાના રહેશે જે એક તરફવાળાને કબુલ, મંજુર બંધન કર્તા છે.

૬. સદર વેચાણ દસ્તાવેજમાં દર્શાવેલ મિલકતના પરવાનગીઓ તથા અન્ય બધાજ પુરાવા યોગ્ય અને કાયદાકીય મંજુર થયેલા જે એક તરફવાળાએ તપાસી લીધેલ છે.

૭. સદર વેચાણ દસ્તાવેજમાં દર્શાવેલ મિલકતમાં તેવી સામગ્રી કે જે નુકશાન કારક હોય, ભયજનક હોય અથવા દહશીનીયલ હોય અથવા વજનમાં ખુબ જ ભારી હોય કે જે બાંધકામને નુકશાન કરતુ હોય, તે એક તરફવાળા લાવવામાં તકેદારી રાખશે અને તેમ કરવામાં કસુરવાર થશે તો થયેલ નુકશાનની તમામ જવાબદારી એક તરફવાળાની રહેશે.

૮. સદર વેચાણ દસ્તાવેજમાં દર્શાવેલ મિલકતનું એક તરફવાળાએ પોતાના ખર્ચે આંતરિક રીપેરીંગ તેમજ તેની જાળવણી બીજી તરફવાળા દ્વારા જે સ્થિતીમાં કબજો સોંપવામાં આવ્યો હોય તેજ સ્થીતીમાં રહે તે રીતે કરવાની રહેશે તેમજ એક તરફવાળા સદર મીલકતને નીયમો કે અધિનીયમોની વિરૂધ્ધ કોઈ કૃત્ય કરી શકશે નહી.

૯. સદર વેચાણ દસ્તાવેજના પરિશિષ્ટવાળી મિલકતમાં એક તરફવાળ કોઈ તોડફોડ અથવા તેમાં કોઈ ભાગમાં કોઈ સુધારા વધારા કરે તો પણ એલીવેશનમાં કોઈ ફેરફાર કરી શકશે નહી અને નાલી ગટરો અને પાઈપો અને તેની સાથે જોડાયેલા ને સારી સ્થિતીમાં રાખશે. અને ખાસ કરીને જેનાથી પરિશિષ્ટ વાળી મીલકતમાં અન્ય ભાગોને સપોર્ટ મળતો હોઈ તેમા કોઈ અન્ય રીતે બીમ કોલમો, દિવાલો, સ્લેબો અથવા આર.સી.સી. ને નુકશાન કરી શકશે નહી અને જો તેમ કરવામાં કસુરવાર થશો તો તેની સંપુર્ણ જવાબદારી એકલા એક તરફવાળાની રહેશે.

....	....
એક તરફવાળા / લખાવી લેનાર	**બીજી તરફવાળા / લખી આપનાર**

૧૦. એક તરફવાળાએ સોસાયટી/એસોસીએશનના તમામ નિયમો અને અધિનિયમોનું પાલન કરવાનું રહેશે અને સોસાયટીના નિયમોમાં સુધારા વધારા ફેરફાર કે જે સમયે કરવામાં આવે તે સ્વીકારવાના રહેશે. અને સોસાયટીના કોમન વપરાશવાળી મિલકતનો વેરો, ખર્ચાઓ લીફ્ટની જાડવણી ખર્ચ અને અન્ય મેઈન્ટેનન્સ કોન્ટ્રાકટરના લેણા સમયે ચુકવવાના રહેશે.

૧૧. સદર વેચાણ દસ્તાવેજથી આપેલ આ મીલકતના એક તરફવાળા ભવિષ્યમાં અન્ય કોઈને પણ આ મીલકત વેચાણ આપશો તો સદર પરિશિષ્ટવાળી મીલકત બાંધકામની કોઈપણ જવાબદારી અમો આ મીલકત વેચનાર આ કરારના કોઈજ પક્ષકારોની રહેશે નહી અને તેની સંપુર્ણ જવાબદારી તમો એક તરફવાળા પોતાએ સ્વીકારવાની રહેશે.

સદર વેચાણનો દસ્તાવેજ લખી આપનાર અમો બીજી તરફવાળા જમીન માલીકએ વાંચી, વંચાવી, સમજી, વિચારી કોઈપણ જાતના દાબ, દબાણ, ધાક, ધમકીમાંથી આવ્યા સિવાય બીનકેફ હાલતમાં સાક્ષીઓ રૂબરૂ કરી આપેલ છે જે અમોને અમારા તમામ ભાગીદારો તથા તેમાન વંશ, વાલી, વારસોને કબુલ મંજુર અને બંધનકર્તા છે અને રહેશે.

અત્ર..............................મતુ અત્રે..........................શાખ

લખી આપનાર :- બીજી તરફવાળા

વલ્લભ ડેવલોપર્સ એ નામની ભાગીદારી પેઢીના વહીવટ કર્તા ભાગીદાર

સાક્ષી

૧..................

....
શ્રી

૨..................

....
એક તરફવાળા / લખાવી લેનાર

....
બીજી તરફવાળા / લખી આપનાર

<u>ધી રજીસ્ટ્રેશન એકટ ૧૯૦૮ ની કલમ – ૩ર એ મુજબનું શીડયુલ</u>

બીજી તરફવાળા / લખી આપનાર	ફોટો	ડાબા હાથના અંગુઠાનું નીશાન

વલ્લભ ડેવલોપર્સ એ નામની ભાગીદારી પેઢીના
વહીવટ કર્તા ભાગીદાર

....
શ્રી

એક તરફવાળા / લખાવી લેનાર

....

વેચાણ આપેલ મીલકતનો ફોટોગ્રાફ

સ્થળ સ્થીતી પ્રમાણેનો ફોટો

મિલકતનુ પોસ્ટલ સરનામુ : ફ્લેટ/દુકાન નં...

....	....
એક તરફવાળા / લખાવી લેનાર	બીજી તરફવાળા / લખી આપનાર